RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 289, Dt.24-2-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં 'બ્લેક મન્ડે' :૮૦૦ પોઈન્ટનો કડાકો

## ભારત ઉપર ટેરીફ ઝીંકવાની ટ્રમ્પની જાહેરાતથી ગભરાટ : શરૂઆતથી જ તમામ શેરોમાં આક્રમક વેચવાલીથી ગાબડા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈ શેરબજારમાં ફરી વખત ધબડકાનો દૌર શરૂ થયો હોય તેમ નવા સપ્તાહનાં પ્રારંભે જ મંદીનુ મોજુ ફરી વળ્યુ હતું અને સેન્સેકસમાં ૮૦૦ પોઈન્ટનો કડાકો સર્જાતા ઈન્વેસ્ટરોનાં લાખો-કરોડો રૂપિયા ડુબી ગયા હતા સેન્સેકસ ૭૩૦૦૦ ની નીચે સરકી ગયો હતો.



શેરબજારમાં આજે શરૂઆત ગેપ ડાઉન રહી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરીફ લાદવાનો પુનરોચ્ચાર કરતાં માનસ ખરડાયું હતું. વિશ્વ બજારની મંદી ઉપરાંત વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલીનો પણ પ્રત્યાઘાત પડયો હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં જ વિદેશી નાણા સંસ્થાઓએ ૧.૧૦ લાખ કરોડથી વધુનો માલ ફુંકી માર્યો હોવાના આંકડા જાહેર થતા માનસ ખરાબ બન્યુ હતું.

જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે વૈશ્વિક ઘટનાક્રમો માર્કેટની મંદી પાછળ જવાબદાર છે અને ટુંકા ગાળામાં અનિશ્ચિતતાનો માહોલ યથાવત રહે તેમ હોવાથી માર્કેટ પણ બેતરફી વધઘટમાં અટવાયેલુ રહે તેમ મનાય છે.

મુંબઈ શેરબજારમાં સેન્સીટીવ ઈન્ડેકસ ૭૭૭ પોઈન્ટના કડાકાથી ૭૪૫૩૩ હતો તે ઉંચામાં ૭૪૯૦૭ તથા નીચામાં ૭૪૫૦૩ હતો નેશનલસ્ટોક એકસચેંજનો નિફટી ૨૩૯ પોઈન્ટ ગગડીને ૨૨૫૫૬ હતો તે ઉંચામાં ૨૨૬૬૮ તથા નીચામાં ૨૨૫૪૯ હતો.

મુખ્ય શેરોમાં ઈન્ફોસીસ, કોટક બેંક, એનટીપીસી, પાવર ગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેન્ક, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, ટાઈટન, અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, ભારત એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, તૂટયા હતા મંદી બજારે પણ ડો.રેડડી, આઈશર મોટર્સ, મહિન્દ્ર, મારૂતી, લાર્સન જેવા કેટલાંક શેરોમાં સુધારો હતો.

બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૩૭૭૧ પૈકી ૯૯૮ શેર જ સુધારા તરફી ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે ૨૬૦૯ શેર તૂટ્યા છે. જેમાં ૨૩૦ શેર વર્ષના તળિયે પહોંચ્યા છે. ૨૭૪ શેરમાં લોઅર સર્કિટ વાગી હતી. સાર્વત્રિક મંદીના માહોલ વચ્ચે સ્મોલકેપ અને મીડકેપ પણ ૫૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યા છે.

## USAID મળી છે પણ મતદાન વધારવા માટેનો ઉલ્લેખ નહીઃ સરકારનો સ્વીકાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકામાં બાઈડન સહિતના શાસન ભારતમાં નમતદાન વધારવાથ ૨૧ મિલિયન ડોલરની મદદ કરી હતી તેવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિધાન અને ભારતને નાણા મદદની જરૂર નથી તેમ કરીને આ કહેવાતી મદદ રદ કરવાની જાહેરાત બાદ ભારતમાં સર્જાયેલા રાજકીય સહિતના વિવાદમાં એક તરફ આ અંગે એક જ સપ્તાહમાં પાંચમું નિવેદન કરતા પ્રમુખ ટ્રમ્પે હવે નઆંકડોથ બદલ્યો છે અને એવો દાવો કર્યો છે કે બાઈડન શાસને ભારતને ચુંટણીમાં ૧૮ મિલિયન ડોલરની મદદ કરી હતી.



આમ ટ્રમ્પે એક તરફ આ આંકડો બદલ્યો છે, તો અગાઉ આ પ્રકારે નમદદથ લઈને મોદી સરકારને સ્થાને અન્ય કોઈને ચુંટવા ભારતમાં પ્રયાસ થયો હતો તેવું પણ ટ્રમ્પે જણાવ્યું હતું. આ મુદે ઘરઆંગણે ભાજપે વિપક્ષને ભીંસમાં લેવા પ્રયાસ કર્યો. હવે ખુદ નાણામંત્રાલયે તેના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યુ છે કે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (યુએસ એઈડ) દ્વારા ૨૦૨૩-૨૪ના વર્ષમાં ભારતને ૭ પ્રોજેકટ માટે નાણા અપાયા હતા પણ તેઓ ચુંટણીમાં નમતદાનથ વધારવાના કાર્યક્રમમાં નાણા અપાયા હોવાનો કોઈ ઉલ્લેખ કરાયો નથી.

## મહાકુંભથી ઘરે જતા ૬ શ્રદ્ધાળુઓ કાળને ભેટ્યાં જબલપુરમાં કાર ડિવાઈડર કૂદી બસમાં ઘૂસી

**મુખ્ય સમાચાર,જબલપુર**

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાના ખિતૌલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા પહેરવા વિસ્તારમાં સોમવારે સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૬ લોકો મૃત્યુ પામી ગયા હતા. પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભથી જબલપુર જતી વખતે ગાડી નંબર ઊંઅ ૪૯ ખ ૫૦૫૪ એક ઝાડ સાથે ભટકાયા બાદ ડિવાઈડર કૂદી રોંગ સાઈડ પર જતી રહી હતી. જ્યાં બીજી તરફથી આવતી બસમાં ઘૂસી ગઈ હતી. જેના પગલે ધડાકાભેર ટક્કર થતાં મોટી જાનહાનિ થઈ હતી.

બસ અને કાર વચ્ચેની આ ટક્કરમાં ઘટનાસ્થળે જ ૬ લોકો મૃત્યુ પામી ગયા હતા. આ ઘટનામાં બે લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. બંને સિહોરા હોસ્પિટલમાં હાલમાં સારવાર હેઠળ છે. મૃતકોના પરિજનોનો સંપર્ક સાધવામાં આવી રહ્યો છે.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામનારા ૪ લોકોની યાદી જાહેર કરવામાં આવી હતી જે નીચે મુજબ છે. અન્ય બેના નામ હજુ જાહેર કરાયા નથી. જ્યારે અન્ય બે ઘાયલોની ઓળખ સદાશિવ અને મુસ્તાક તરીકે થઈ છે. મુસ્તાક ગાડીનો ડ્રાઈવર હોવાની જાણકારી મળી રહી છે.



મૃતકોમાં ૧. વિરુપક્સિ ગુમતી ૨. બસ્વરાજ કુરતિ ૩. બાલાચંદ્ર ૪. રાજુ નો સમાવેશ થાય છે.

## ભારતીય અર્થતંત્ર માટે પડકારના દિવસ પુરા થયા હોવાનો સંકેત

### ડિસેમ્બર પછી કૃષિ સહિતની મહત્વપૂર્ણ નિકાસ વધી, ગ્રામીણ રોજગારી, વેતનમાં વધારો - સ્ટીલ - ઓટો ઉત્પાદનની ગાડી ફરી પાટા પર

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

ભારતીય અર્થતંત્ર પર ટ્રમ્પ અને ધીમી ગતિના સર્જાયેલા પડકારથી હજુ નબુરે-દિનથ બાકી છે અને શેરબજાર વધુ નીચે જઈ શકે છે તેવી ચર્ચા વચ્ચે ૨૦૨૪ના ત્રીજા કવાટર બાદના અનેક આંકડાઓ સારા સંકેત આપે છે અને ભારતીય અર્થતંત્ર માટે પડકારના દિવસને પુરા થયા હોવાનો પણ સંકેત આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ આપ્યો છે.

ખાસ કરીને કંપનીઓની ઓર્ડર બુક મજબૂત બની છે, કૃષી નિકાસને વેગ મળ્યા છે. ગ્રામીણ આવક વધી રહી છે અને સ્ટીલ, ઓટો સેલ રીબાઉન્ડ થયા છે અને ટેક્ષ કલેકશન પણ વધ્યુ છે તેવો રિપોર્ટ આંતરરાષ્ટ્રીય એજન્સી બીએનપી પારીબાયે આપ્યો છે. ત્રીજા કવાટરના નબળી સ્થિતિ બાદ ટેક્ષ કલેકશન પણ વધ્યુ છે.

ભારત સરકારની નેશનલ સ્ટેટેટીકસ ઓફિસ (એનએચઓ) દ્વારા અંદાજ મુકાયો છે કે, ભારતનું જીડીપી ૬.૪% રહી શકે છે અને ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં બીજા હાફ (છ માસ)માં તે ૬.૭% સુધી ઉંચે જઈ શકે છે.

ખાસ કરીને કૃષિ ક્ષેત્રનો દેખાવ ખૂબ જ સારો રહ્યો છે અને ખાદ્ય ફુગાવો જે રીઝર્વ બેન્કની સરકાર અને સામાન્ય વ્યક્તિમાં દરેક માટે ચિંતા રહી છે તે હવે તબકકાવાર નીચો આવવા લાગ્યો છે અને રિઝર્વ બેન્કે પણ



૨૫ બેઝીક પોઈન્ટ વ્યાજદર ઘટાડયા બાદ હજુ વધુ ઘટાડો આવશે તેવા હકારાત્મક સંકેત આપી દીધા છે. હાલમાં જ રજુ થયેલા કેન્દ્રીય બજેટમાં સરકારે મૂડી ખર્ચ ૭.૪% વધાર્યા છે.

આમ સરકાર ખાનગી મૂડીરોકાણની ગેરહાજરીમાં સરકારી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ વિ.માં ખર્ચ વધારીને વિકાસને અને તે રીતે અર્થતંત્રને ઈંધણ આપશે તે નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે તો સરકાર સબસીડી પર મર્યાદા મુકવામાં હાલ સફળ રહી છે અને સબસીડી બિલ પણ ઘટયુ છે.

## પાક સામે ભારત જીતતા રાત્રે લોકોએ મનાવ્યો 'વિજયોત્સવ'

### દેશભરમાં આતશબાજી - વિજય સરઘસ - મ્હો મીઠા થયા : ત્રિરંગો લહેરાયો

**મુખ્ય સમાચાર, દુબઈ**

ગઈકાલે ભારતે ક્રિકેટના 'મહાયુધ્ધ'માં પાકિસ્તાનને ધુળ ચાટતુ કરી દેતા સમગ્ર દેશોમાં ગઈકાલે 'વિજયોત્સવ' મનાવવામાં આવ્યો હતો - ઠેરઠેર ફટાકડા-આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી. રસ્તા પર ક્રિકેટ પ્રેમીઓમાં રાતભર જલ્સો કર્યો હતો. જુલુસ-સરઘસ કાઢયા હતા. મીઠાઈઓ વ્હેંચી હતી. ઠેરઠેર તિરંગો પણ લહેરાવવામાં આવ્યા હતા - ઉત્સાહ અને ઉમંગના ઘોડાપુર ઉમટયા હતા. રાત્રે ૧૦ સુધી સુમસામ માર્ગો પછી ભીડથી ઉભરાયા હતા - ઢોલ - નગારાની પણ રમઝટ જોવા મળી હતી.

આ દ્રશ્ય ગઈકાલે રાત્રે એટલે કે ૨૩ ફેબ્રુઆરીના રોજ ભારતના વિવિધ રાજ્યોમાં જોવા મળ્યું. આ ઉજવણી અને ખુશીનો માહોલ ત્યારે બન્યો જ્યારે ભારતીય ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં પાકિસ્તાનને ૬ વિકેટથી હરાવ્યું.

સોશિયલ મીડિયા પર ઘણી તસવીરો સામે આવી છે જેમાં ચાહકો ભારતની જીતની ઉજવણી કરતા જોવા મળે છે. જમ્મુ અને કાશ્મીરથી નાગપુર સુધી, લોકોએ મહત્વપૂર્ણ ચોકઠા પર ફટાકડા ફોડીને અને ભારત માતા કી જયના નારા લગાવીને ઉજવણી કરી.

આ તસવીર અમૃતસર, પંજાબ (પંજાબ ચાહકો ભારતનો વિજય ઉજવણી) ની છે, જ્યાં એક શેરીમાં લોકો પાકિસ્તાન અને ભારત વચ્ચેની ઈંઈંઈ ચેમ્પિયન્સ ટ્રોફી (ODI) ક્રિકેટ મેચમાં ભારતની જીતની ઉજવણી કરતી વખતે સ્પાર્કલર લહેરાવી રહયા છે.

મહારાષ્ટ્રમાં ભારતીય પુરુષ ટીમે પાકિસ્તાન સામે 'ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫' વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ જીતી લીધા બાદ લોકો ઉજવણી કરતા જોવા મળ્યા. લોકો ભારત માતા કી જયના નારા લગાવતા જોવા મળ્યા.

પાકિસ્તાન સામેની શાનદાર જીત પછી, પટનામાં લોકો બુલડોઝરની ટોચ પર બેસીને ટ્રોફી પકડીને ભારતીય ધ્વજ લહેરાવતા હતા.



ગઈકાલે રાત્રે, જમ્મુ અને કાશ્મીરના રસ્તાઓ પર ચાહકોએ ફટાકડા ફોડીને ભારતની જીતની ઉજવણી માટે દિવાળીની ઉજવણી કરી. આ દરમિયાન સમગ્ર વિસ્તાર હિન્દુસ્તાન ઝિંદાબાદના નારાઓથી ગુંજી ઉઠયો.રાંચીથી તસવીરો આવી રહી છે, જ્યાં પાકિસ્તાન પર ભારતની જીત બાદ ચાહકો રસ્તાઓ પર ઢોલ વગાડીને નાચવા લાગ્યા હતા.

નાગપુરમાં, ચાહકોએ એકબીજાને જલેબી ખવડાવી અને પાકિસ્તાન પર ભારતની જીતની ઉજવણી કરી. ચાહકોએ રસ્તાઓ પર ફટાકડા ફોડયા અને હાથમાં ત્રિરંગો લઈને ભારતની જીતની ઉજવણી કરી. લોકોએ કહયું કે આ જીત ભારતીય ટીમ માટે મોટી સિદ્ધિ છે. આનાથી દેશના લોકોને ગર્વ થશે

## ન્યુયોર્કથી દિલ્હી આવી રહેલી ફલાઈટમાં બોંબની ધમકી

### બોંબની ધમકી બોગસ નીકળી : વિમાનમાં ૧૯૯ લોકો સવાર હતા



**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

અમેરિકાના ન્યુયોર્કથી દિલ્હી આવી રહેલી ફલાઈટમાં બોંબની ધમકી મળતા યુદ્ધ વિમાનનું રક્ષણ આપીને રોક તરફ ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. રોમમાં સફળ ઉતરાણ બાદ વિમાનની ચકાસણીમાં કાંઈ વાંધાજનક મળ્યુ ન હતું. અમેરિકન એરલાઈન્સે જાહેર કર્યું હતું કે, ન્યુયોર્કથી દિલ્હી જતા વિમાનમાં ૧૯૯ લોકોને આ બોંબની ધમકી બાદ રોમમના સલિયોનાર્ડો વિન્સી એરપોર્ટ પર ઉતરાણ કરાવાયું હતું. વિમાનને ડાયવર્ટ કરાતા ઈટાલીના યુદ્ધ વિમાનોએ રક્ષણ પુરૂ પાડયુ હતું. સૂત્રોનું કહેવું છે કે, ન્યૂયોર્કથી નવી દિલ્હી જતી અમેરિકન એરલાઇન્સની ફ્લાઇટ ૨૯૨ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો, ત્યારબાદ ફ્લાઇટને રોમના ફિયુમિસિનો એરપોર્ટ તરફ વાળવાનો નિર્ણય કરાયો હતો. ફ્લાઇટને ડાયવર્ટ કરીને રોમમાં લેન્ડ કરવામાં આવી રહી છે. ત્યારબાદ સમગ્ર ફ્લાઇટની તપાસ કરવામાં આવી હતી અને હવે ક્લિયરન્સ પછી ફ્લાઇટને દિલ્હી તરફ મોકલવામાં આવશે. બોઈંગ ૭૭૭-૩૦૦ઊછ [ વિમાને આજે જોન એફ કેનેડી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી નવી દિલ્હી માટે ઉડાન ભરી હતી. આ એક નોન-સ્ટોપ ટ્રાન્સકોન્ટિનેન્ટલ ફ્લાઇટ હતી. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન સલામતી પ્રોટોકોલ મુજબ ફ્લાઇટને તાત્કાલિક ઈટાલી તરફ વાળવામાં આવી હતી.

## સોના- ચાંદીના ભાવ કડડભૂસ થયાની અફવાનું બજાર ગરમ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી ત્યારબાદ સોનું-ચાંદીના ભાવ સમગ્ર વિશ્વની બજારમાં રોકેટગતિએ વધી રહ્યા છે ત્યારે સોના-ચાંદીમાં વધુ તેજી થવાના તમામ કારણો અડીખમ છે પણ ગત્ત સપ્તાહે બનેલી બે ઘટનાઓની ચર્ચાથી સોના-ચાંદીના ભાવ ગમે ત્યારે કડડભૂસ થશે તેવી ખબરો સમગ્ર વિશ્વમાં લાકડિયા તારથી જેમ ફેલાઈ રહી છે જેને કારણે સોના-ચાંદી જેમણે ખરીદીને રાખ્યા છે અને વાયદામાં તેજીનો જેમણે વેપાર કર્યો છે તેમાં ફફડાટ વ્યાપી ગયો છે. કારણ કે સોના-ચાંદીની વાત આવે ત્યારે એનાલીસ્ટો, ઈકોનોમિસ્ટો અને બજારના પંડિતો એક, બે,ત્રણ એમ અનેક તેજીના કારણો ગણાવી રહ્યા છે અને દુર દુર સુધી સોનું-ચાંદી ઘટે તેવા કોઈ ઠોસ કારણો ગોત્યા મળતાં નથી ત્યારે સોનું-ચાંદી કડડભૂસ થવાની બે પ્રકારની ચર્ચાથી હાલ માર્કેટમાં ગભરાટ વ્યાપી ગયો છે. આ બે ઘટનાઓની અસર વિશે ભલભલા એનાલીસ્ટો પણ ગોટે ચડયા છે.ત્યારે સોના-ચાંદીમાં હવે સાવચેતી રાખીને આગળ વધવાનો સમય આવ્યો છે તેવું કહી શકાય. કમ સે કમ ૫૦ થી ૬૦ ટકા નફો ઘરભેગો કરીને સલામત થવાનો સમય તો આવી જ ચૂક્યો છે કારણ કે ટ્રમ્પ સવારે ઉઠીને શું કરશે ? તે ભગવાન સિવાય કોઈ કહી શકે તેમ નથી આથી નચેતતાં નર હંમેશા સુખીથ એ કહેવતને અનુસરવામાં હાલ ભલાઈ છે. અમેરિકા પાસે ૮૧૩૪ ટન સોનાનો ભંડાર પડેલો છે જેમાંથી અડધુ સોનું એટલે કે ૫૦૦૦ ટન સોનું ફોર્ટ નોક્ષ નામના વોલ્ટમાં પડેલું છે. ડોનાલ્ડ ટ્રમ્પના કટ્ટર સમર્થક એવા ટેસ્લાના સર્વેસર્વા અને ટ્રમ્પે ચાલુ કરેલું ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વમેન્ટ એફીસન્સીના વડા એલોન મસ્કે ફોર્ટ નોક્ષમાં પડેલા સોનાની મોજુદગી અને તેની પ્યુરિટી



વિશે પ્રશ્ન ઉઠાવી જણાવ્યું હતું કે ફોર્ટ નોક્ષમાં સોનું પડેલુ છે કે નહીં તે જાણવાનો અધિકાર દરેક અમેરિકન નાગરિકને છે. એક રાજકીય મિટિંગમાં એલોન મસ્કે આ પ્રકારનો પ્રશ્ન ઉઠાવતાં આખી ચર્ચા સમગ્ર વિશ્વમાં ફેલાઈ ચૂકી હતી. આ ચર્ચા જેવી ફેલાઈ તેવું તુરંત જ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નિવેદન કર્યુ કે અમેરિકાની ગોલ્ડ રિઝર્વનું દર વર્ષે ઓડિટ થાય છે અને તમામ ગોલ્ડ સ્ટોક સલામત છે પણ સ્કોટ બેસન્ટની ચર્ચાથી કોઈને સંતોષ થયો નહી આથી ડોનાલ્ડ ટ્રમ્પને ખુદને સોનાના સ્ટોકના ચેકીંગ માટે જવું પડયું. આ સ્ટોકના ચેકીંગ બાદ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યુ કે ફોર્ટ નોક્ષના વોલ્ટને ખોલીને જોવામાં આવ્યું, તેમાંથી ૪૦૦ ટન સોનાની ચકાસણી કરી અને ફોર્ટ નોક્ષમાં ખુબ જ સોનું પડેલું છે પણ ટ્રમ્પે જણાવ્યું કે મસ્કને સાથે રાખીને ફોર્ટ નોક્ષમાં પડેલા સોનાની ચકાસણી કરવામાં આવશે. ફોર્ટ નોક્ષ એ આર્મીનું કેન્દ્ર છે અને બીજી વિશ્વયુદ્ધ પછી તે ૧૯૭૩માં બનાવવામાં આવ્યું હતું.

## સ્ટેરોઈડ્સ અને કોલેસ્ટ્રોલ ઘટાડતી દવાઓ સહિત લગભગ ૮૪ દવાઓની ગુણવત્તા પર સવાલ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દેશભરમાં ડ્રગ્સ નિયંત્રણ અધિકારીઓએ ડ્રગ્સ પરીક્ષણ હાથ ધર્યુ હતું અને તેમાં ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે. સામાન્ય રીતે સૂચવવામાં આવતી સ્ટેરોઈડ્સ અને કોલેસ્ટ્રોલ ઘટાડતી દવાઓ સહિત લગભગ ૮૪ દવાઓની ગુણવત્તા પણ ધોરણસરની ન હતી.

નવી દવાઓ અને દવાઓનું પરીક્ષણ કરતી એજન્સી ઈઉજઈઘ એ આ સંદર્ભમાં ચેતવણી જારી કરી છે. દર મહિને, ઈઉજઈઘ બજારમાં વેચાતી બિન-માનક ગુણવત્તાવાળી દવાઓ અંગે ચેતવણીઓ જારી કરે છે.

ડિસેમ્બર ૨૦૨૪ ના તેમના ડેટા અનુસાર, તેમને વિવિધ કંપનીઓ દ્વારા ઉત્પાદિત દવાઓના ૮૪ બેચ બિન-માનક ગુણવત્તાના મળ્યા. આમાં એસિડિટી, ઉચ્ચ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ અને બેક્ટેરિયલ ચેપ જેવી સામાન્ય સ્થિતિઓ માટે સૂચવવામાં આવતી કેટલીક દવાઓનો સમાવેશ થાય છે.

દવાના નમૂનાઓની ગજચ તરીકે ઓળખ એક અથવા બીજા ગુણવત્તા પરિમાણોમાં દવાના નમૂનાની નિષ્ફળતાના આધારે કરવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ નિષ્ફળતા સરકાર દ્વારા પરીક્ષણ કરાયેલી દવાઓના બેચની લાક્ષણિકતા હતી.

''નકલી દવાઓ ઓળખવા માટેની આ કાર્યવાહી ગજ્ય અને રાજ્ય નિયમનકારોના સહયોગથી નિયમિતપણે હાથ ધરવામાં આવે છે જેથી ખાતરી કરી શકાય કે આ દવાઓ ઓળખાઈ જાય અને બજારમાંથી દૂર કરવામાં આવે છે.




તાજેતરમાં ઈઉજઈઘ એ પરીક્ષણ માટે નવી માર્ગદર્શિકા રજૂ કરી. તેમાં જણાવાયું છે કે બધા ડ્રગ્સ ઈન્સ્પેક્ટરોએ એક મહિનામાં ઓછામાં ઓછા ૧૦ નમૂના એકત્રિત કરવા જોઈએ. ઉપરાંત, નવી માર્ગદર્શિકામાં જણાવાયું છે કે નમૂના લેવાનું આયોજન એવી રીતે કરવું જોઈએ કે નમૂનાઓ તે જ દિવસે પ્રયોગશાળામાં મોકલવામાં આવે.

માર્ગદર્શિકા મુજબ, ગ્રામીણ સ્થાન અથવા ઓફિસથી દૂર સ્થળના કિસ્સામાં, નમૂના બીજા દિવસ સુધીમાં પ્રયોગશાળામાં મોકલવો જોઈએ અને તે પછી નહીં.

# માળીયા(મી)માં બોલેરોમાં દયનીય હાલતમાં ૭ અબોલ જીવોને લઈને નીકળેલ બે ઈસમોની અટકાયત

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઓનેસ્ટ હોટલ પાસે કચ્છ મોરબી હાઈવે ઉપરથી શંકાસ્પદ હાલતમાં નીકળેલ બોલેરો ગાડીને રોકી તેની તલાસી લેતા, બોલેરો ગાડીમા દયનીય હાલતમા પાડા(જીવ) નંગ ૦૭ ભરેલ હોય જેથી બોલેરો-ચાલક સહિત બે ઈસમોની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે બોલેરો, અબોલ પશુઓ તેમજ બે મોબાઈલ સહિત રૂ.૩.૩૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. માળીયા(મી) પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન માળીયા(મી) ઓનેસ્ટ હોટલ ચેક પોસ્ટ પાસે કચ્છ મોરબી હાઈવે ઉપર આવતા એક સફેદ કલરની બોલેરો રજી.નં. જીજે-૧૨-સીટી-૮૩૯૯ ના ઠાઠામાં નાના મોટા પાડાઓ નંગ ૦૭ (સાત)ને ભરવા પુરતી જગ્યા ન હોય અને ગાડીના ઠાઠામા ઠસોઠસ ભરી દયનીય હાલતમા ક્રુરતા પુર્વક રાખી પાડાઓ માટે પાણી તેમજ ઘાસચારાની વ્યવસ્થા નહી રાખી તે રીતે ભરી નીકળેલ હોય જેથી તુરંત બોલેરો ચાલક આરોપી અનવરભાઈ અબ્દુલેમાન શેખ ઉવ.૨૯ રહે.શેખ વાંઢ ડુમાન્ડો ભીરીંનૂદર તા.ભુજ જી કચ્છ તથા તેની સાથે આરોપી સકલીન હાજીરાયધણ જત ઉવ.૨૫ રહે.સવાણીવાઢ સેરાડા મોટા ભગાડીયો તા.ભુજ જી.કચ્છવાળાની અટક કરી હતી, આ સાથે પાડા જીવ ૦૭ની કિ.રૂ.૨૧,૦૦૦ ગણી તેમજ બોલેરો ગાડી કિ.રૂ.૩ લાખ, બે મોબાઈલ સહિત ૩.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજીબાજુ બોલેરો ગાડીમાંથી છોડાવેલ તમામ અબોલ જીવને પાંજરાપોળ ખાખરેચી ગામ ખાતે મુકવામાં આવેલ છે. જ્યારે પકડાયેલ બન્ને આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથક ખાતે પ્રાણી પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધીનીયમની કલમ તથા જી.પી.એકટ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.



# ભારત-પાક મેચ બાદ જામનગરમાં જીતનો જશ્ન

## હવાઈ ચોક વિસ્તારમાં આતશબાજી સાથે દેશભક્તિના નારા ગુંજ્યા





ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે પાકિસ્તાન સામે મેળવેલી શાનદાર જીતનો જશ્ન ક્રિકેટ નગરી જામનગરમાં ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. શહેરના હવાઈ ચોક વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. આ વિસ્તારમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. લોકોએ આતશબાજી કરીને જીતની ઉજવણી કરી હતી. વાતાવરણ દેશભક્તિના નારાથી ગુંજી ઉઠ્યું હતું. હવાઈ ચોક વિસ્તારમાં જાણે સમગ્ર જામનગર એકત્રિત થયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ક્રિકેટ પ્રેમી જનતાએ ભારતીય ટીમની જીતને ભવ્ય રીતે વધાવી હતી.

# વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ચોટીલા સરકારી કોલેજમાં અરવિંદ બારોટનું વ્યાખ્યાન યોજાયું



(અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ)

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી આર્ટ્સ કોલેજ ચોટીલા અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નવિશ્વ માતૃભાષા દિવસથ નિમિત્તે નમાતૃભાષા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત નલોકચેતનામાં માતૃભાષાનું માધુર્યથ વિષય પર અમદાવાદથી જાણીતા લોકગાયક અને સાહિત્યકાર શ્રી અરવિંદ બારોટ અને ગુજરાત કોલેજના ગુજરાતીના અધ્યાપક તેમજ જાણીતા કલાવિદ શ્રી નિસર્ગ આહીર ઉપસ્થિત રહ્યા હતા. બંને વક્તાશ્રીઓએ વિદ્યાર્થીઓને આપણી માતૃભાષા ગુજરાતીની મીઠાશ, મહિમા, સાહિત્ય, લોકચેતનામાં તેના વિનિયોગ વિશે વિસ્તારીને અને રસપ્રદ શૈલીમાં વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે કોલેજના આચાર્યશ્રી જે. એચ. યાજ્ઞિક તેમજ ચાણપા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મનહરભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડો.સમીર જોશી અને ડો.સંદીપ વાળાએ કર્યું હતું. કાર્યક્રમના સંયોજક ડો.નિયતિ અંતાણીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં મારી સહી, મારી માતૃભાષામાં અભિયાન અંતર્ગત ઉપસ્થિત સર્વએ ગુજરાતી ભાષામાં પોતાની સહી પણ કરી હતી.

# ટંકારા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ-મહિલા સ્વરક્ષણ સમાપન કાર્યક્રમ યોજાયો

## ટંકારા ઓરપેટ કન્યા વિદ્યાલયમાં ૧૫ દિવસીય તાલીમના સમાપન કાર્યક્રમનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશન દ્વારા મહિલા અને બાળાઓ માટે સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ સ્વરક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૧૫ દિવસીય તાલીમના સમાપન કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિત જીલ્લા અને તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કરાટે ડેમો, સ્વરક્ષણ ટેકનીક અને પોલીસ સ્ટેશન પરિચય સહિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબી નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા(વાંકાનેર વિભાગ) અને ટંકારા પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. છાસીયા દ્વારા મહિલા અને બાળાઓ માટે સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ ૧૫ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ ટંકારા ઓરપેટ કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ હતી, જેમાં બાળાઓને સ્વરક્ષણ ટેકનીક અને કરાટેની તાલીમ આપવામાં આવી હતી.

ઉપરોક્ત સમાપન સમારોહ કાર્યક્રમમાં ટંકારા વિસ્તારના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના સદસ્ય અશોકભાઈ ચાવડા, તાલુકા પંચાયત પ્રમુખ અરવિંદભાઈ માંડવીયા, કીરીટભાઈ અંદરપા, જીતેન્દ્રભાઈ ગોસરા, સલીમ અબ્રાણી, બાલાશ્રમના પ્રભુભાઈ કડીવાર, ઓરપેટ કન્યા વિદ્યાલયના ગોપાલભાઈ રતનપરા, ઉદ્યોગપતિ અકિવનભાઈ ભટાસણા, રાજુભાઈ સવસાણી, બળવંતભાઈ દેત્રોજા, આગેવાન રસીકભાઈ દુબરીયા, સામાજિક અગ્રણીઓ, નિવૃત્ત સૈનિકો, સ્કૂલના પ્રિન્સીપાલ, પોલીસ મિત્રો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

કાર્યક્રમ દરમિયાન ઓરપેટ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ કરાટે અને સ્વરક્ષણ ટેકનીકોના પ્રદર્શન આપ્યા હતા. દુપટ્ટાનો ઉપયોગ કરી સ્વરક્ષણ કેવી રીતે કરવું તે લાઈવ ડેમો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમાપન કાર્યક્રમમાં પોલીસ દ્વારા અનાથ અને જરૂરતમંદ બાળકોને શાળા બેગ અને કીટ અર્પણ કરી સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ, વિદ્યાર્થીઓને મોડલ પોલીસ તરીકે ટંકારા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી અને પોલીસ સ્ટેશનની કામગીરી અંગે



માહિતગાર કરવામાં આવ્યા હતા. પોલીસ હેડક્વાર્ટર દ્વારા હથિયાર પ્રદર્શન યોજાયું હતું, જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. ચૌહાણે હથિયારો અંગે માહિતી આપી હતી. મહિલા સુરક્ષા અંગે સી-ટીમની કામગીરી પર પોલીસ ઈન્સ્પેક્ટર પી.એચ. લગધીરકાએ માર્ગદર્શન આપ્યું હતું. ટ્રાફિક નિયમો અને નવા કાયદાઓ અંગે ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. ઘેલા અને સાયબર ક્રાઈમ બાબતે સાયબર ટીમ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

ઉપરોકત કાર્યક્રમમાં પ્રથમ વખત એન.સી.સી.ની બાળાઓ દ્વારા કાર્યક્રમમાં પરેડ કરવામાં આવેલ જેને હાજર તમામ લોકોએ તાળીઓથી ઉત્સાહ વધારવામાં આવેલ. અંતમાં ચ-નાસ્તાની વ્યવસ્થા સાથે ઉપસ્થિત તમામે નાસ્તો કર્યા બાદ સનપાન કાર્યક્રમની પુર્ણાહુતી જાહેર કરી હતી.

# મોરબીમાં નાના દાનવીર રુદ્ર દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન: મમ્મી-પપ્પાના લગ્નદિવસ અને જન્મદિવસની અનોખી ઉજવણી



મોરબી ખાતે મહિલા પોલીસ સ્ટેશન, સબજેલ સામે, રુદ્ર દ્વારા માતા-પિતાના લગ્નદિવસ અને રુદ્ર તથા તેના માતાના જન્મદિવસ નિમિત્તે સતત ૮ વર્ષથી રુદ્ર દ્વારા ઉજવણી કરવામાં આવે છે ત્યારે વર્તમાન વર્ષે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું, આ કેમ્પમાં ડો. હસ્તીબેન મહેતા દ્વારા વિનામૂલ્યે દર્દીઓ માટે ચકાસણી અને સારવાર પૂરી પાડવામાં આવી હતી. મોરબીમાં નાના દાનવીર રુદ્ર દ્વારા પોતાના તથા મમ્મીના જન્મદિવસ અને મમ્મી-પપ્પાના લગ્નદિવસની ઉજવણીનું સતત ૮ વર્ષથી આયોજન કરવામાં આવે છે. ત્યારે તા.૨૩ ફેબ્રુઆરી થ૨૫ ના ડો.હસ્તીબેન મહેતાના એક દિવસીય કેમ્પનું આયોજન શ્રીમતી રૂચિતા દર્શન ભટ્ટના લગ્નની વર્ષગાંઠ, પુત્ર રુદ્ર તેમજ માતા ઋચિતાના જન્મદિવસ નિમિતે ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન મહિલા પોલીસ સ્ટેશન, સબજેલ સામે, મોરબી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં દરેક દર્દીનું વજન કરી ત્રણ દિવસની દવા સાથે દર્દીનું બ્લડ સુગર તેમજ બીપી ચેકઅપ કરી આપવામાં આવેલ. આ કેમ્પમાં જયસુખ ભાઈ ભાલોડિયા દ્વારા વા, સાંધા, ઘૂંટણના દર્દીઓને પોઈન્ટની વિશેષ સારવાર આપીને ૫૦ જેટલા દર્દીને રાહતનો અહેસાસ થયો હતો. આ કેમ્પને સફળ બનાવવા મહિલા પી.આઈ. શ્રીમતી લગ્ધિરકા, પી. એસ.આઈ ડાંગર, પો.કોન્સે. સગતભાઈ તથા મહિલા પો. કોન્સ. જ્યોત્સનાબેને જહેમત ઉઠાવીને સુદર રીતે આયોજન કરેલ હતું. કેમ્પ સહાયક રશ્મિન ભાઈ દેસાઈ, કેતનભાઈ મેહતા, શ્રીમતી દર્શના ત્રીવેદી, કુ.કૌશિકા રાવલ, શ્રીમતી ઋચિતા ભટ્ટ, જનક ભટ્ટ તેમજ કોઠારીભાઈએ સેવા આપેલ હતી.

# કચ્છથી બોલેરોમાં કતલખાને લઈ જવાતા ૧૦ પાડાને છોડાવતા મોરબીના ગૌરક્ષકો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ગૌરક્ષકો દ્વારા વધુ ૧૦ પશુઓને કતલખાને લઈ જવાતા બચાવી લેવામાં આવ્યા છે, જેમાં કચ્છથી બોલેરોમાં ૧૦ પાડાને ક્રૂરતા પૂર્વક બાંધીને મોરબી તરફ લઈ આવવાની મળેલ બાતમીને આધારે વોચ ગોઠવી પશુઓથી ભરેલ બોલેરો પકડી લેવામાં સફળતા મળી છે, આ સાથે આરોપી બોલેરો ચાલકને તાલુકા પોલીસ મથકે સોંપતા પોલીસે આરોપીની કાયદેસર ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી અનુસાર મોરબી ગૌરક્ષકો, વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળને બાતમી મળેલ કે કચ્છ બાજુથી મોરબી તરફ મોટા પ્રમાણમાં એક બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૧૨-એવાય-૨૯૦૧ માં અબોલ જીવ ભરીને કતલખાને લઈ જતા હોય, જે બાતમી મુજબ ગાડી આવતા તે ગાડીને મોરબી તાલુકાના ગાળા ગામ પાસે રોકીને તેમાં ચેક કરતા ૧૦ પાડા જીવને ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડાથી હલીચલી ના શકે એવી રીતે કતલખાને લઈ જવામાં આવતા હોવાનું સામે આવ્યું હતું, જેથી બોલેરો ચાલકની પૂછપરછ કરતા જણાવેલ કે આ અબોલ જીવો કચ્છના શિકારપુરથી ભરેલા હોય એને કતલ કરવાને ઈરાદે મોરબી ખાટકીવાસમાં કતલખાને લઈ જવાના હોય, જેથી પકડાયેલ બોલેરો ચાલકને તાલુકા પોલીસ મથકમાં સોંપવામાં આવતા, પોલીસ દ્વારા આરોપી બોલેરો ચાલક વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી ગૌરક્ષક વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના સહયોગથી ૧૦ જેટલા જીવોને કતલખાને લઈ જવાતા બચાવી લેવામાં આવી બોલેરો ચાલક વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી તમામ અબોલ જીવને મોરબી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા છે.

# ટંકારાના પડધરી તાલુકામાં પી.જી.વી.સી.એલ. નું બીજું સબ ડિવિઝન મંજુર કરાયું

■ ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની રજૂઆતોને સફળતા

**મુખ્ય સમાચાર,મોરબી**



પડધરી તાલુકાના ઉદ્યોગકારો અને પાર્ટીના સંગઠન તથા કાર્યકર્તાઓની રજૂઆતને ધ્યાનમાં લઈ ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ ગુજરાતના મુખ્યમંત્રી અને ઉર્જામંત્રી સમક્ષ રજૂઆત કરી હતી, જે પરિણામે સ્વારૂપે ઉર્જા વિભાગ દ્વારા પડધરીમાં બીજા સબ ડિવિઝનને મંજુરી મળી છે, જે માટે ધારાસભ્ય એ મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. પડધરી વિસ્તારમાં ઉદ્યોગકારો, પાર્ટીના સંગઠન તથા કાર્યકર્તાઓ દ્વારા ઉર્જા વિભાગની સુવિધાઓમાં વધારો કરવાની માંગ ઉઠાવવામાં આવી હતી. જેને લઈને ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ સમક્ષ રજૂઆત કરી હતી. જે રજૂઆતના પગલે ઉર્જા વિભાગે પડધરી તાલુકામાં એક નવા પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝનને મંજુરી આપી છે. અગાઉ પડધરીમાં માત્ર એક જ સબ ડિવિઝન હતું, જેના કારણે ઉદ્યોગકારો અને સામાન્ય નાગરિકોને વીજળી સંબંધિત કામકાજમાં મુશ્કેલીઓ થતી હતી. ત્યારે નવા સબ ડિવિઝનથી વિજ પુરવઠાની સમસ્યા હળવી થશે અને સ્થાનિક ઉદ્યોગોને પણ લાભ મળશે. આ બદલ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

# જામનગર બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરોઃ ૧૦ તોલા સોના સહિત ૧.૧૫ લાખની રોકડ ઉઠાવીને રફૂચક્કર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના ખોડીયાર કોલોનીમાં રહેતા મકાન માલિક ભાણેજના લગ્નમાં ગઢડા ગામે ગયા હતા, દરમિયાન પાછળથી તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવીને ચોરી કરી હતી.જામનગરના ખોડીયાર કોલોની નજીક દિવ્યમ પાર્ક વિસ્તારમાં આવેલા એક બંધ રહેણાંક મકાનને ચોરોએ નિશાન બનાવીને મકાન અંદરથી ૧૦ તોલા સોનું અને ૧.૧૫ લાખની રોકડ રકમ ચોરી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.



મકાન માલિક ભાણેજના લગ્નમાં બહારગામ ગયા હતા, પાછળથી તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો. ૧૦ તોલા સોનાની કિંમત અંદાજે ૮,૮૯,૬૦૦ રૂપિયા હોય શકે છે.મળતી માહિતી અનુસાર, આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક દિવ્યમ પાર્ક સોસાયટીમાં રહેતા પ્રફુલભાઈ રમણીકભાઈ ચૌહાણ કે જેઓ ગત ૧૬મી તારીખે પોતાના મકાનને તાળું મારીને ગઢડા ગામે પોતાના ભાણેજના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા, ત્યાંથી તેઓ પરત ફર્યા, ત્યારે તેઓના મકાનમાં ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.વધુમાં જાણવા મળ્યુ કે, તસ્કરોએ બંધ મકાનના દરવાજાના તાળા નકુચા તોડી નાખી અંદર પ્રવેશ મેળવી લીધો હતો અને રૂમમાં રહેલા કબાટના લોક તોડી તિજોરી વગેરેમાંથી આશરે ૧૦ તોલા સોનું જેમાં સોનાનું બિસ્કીટ, પેન્ડલ,બંગડી, વીટી, હાર સહિતના ઘરેણા ઉપરાંત રૂપિયા એક લાખ પંદર હજારની રોકડ રકમ સહિતની માલમતા ચોરી કરી લઈ ગયા હતા. મકાનમાલિક દ્વારા આ મામલે સીટી ઈ ડિવિઝન પોલીસ મથકમાં સંપર્ક કરવામાં આવ્યો અને પોલીસ ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તેમજ તસ્કરોને શોધી કાઢવા માટે પોલીસ તંત્ર દ્વારા પણ દોડધામ શરૂ કરવામાં આવી છે.

# મોરબી પોલીસ દ્વારા અવારનવાર વ્યાજ વટાવના ગુન્હામાં પકડાયેલા ઈસમની પાસા હેઠળ અટકાયત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી-એ ડિવિઝન પોલીસે ગેરકાયદેસર વ્યાજ વટાવના ધંધામાં સંડોવાયેલા અને અગાઉ પણ આવા ગુન્હાઓમાં પકડાયેલા આરોપી વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી છે. જીલ્લા કલેક્ટર દ્વારા પાસા વોરંટ મંજૂર કર્યા બાદ, આરોપીની અટકાયત કરી જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલવામાં આવ્યો છે.



મોરબી શહેરમાં ગેરકાયદેસર વ્યાજ વટાવના ધંધા અને અસામાજીક તત્વોની પ્રવૃત્તિઓને અટકાવવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે અવારનવાર વ્યાજ વટાવના ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી વિશાલભાઈ બચુભાઈ ગોગરા રહે. કોયલી, તા.જી. મોરબીવાળા સામે પાસા હેઠળ પગલાં લેવામાં આવ્યા હતા. મોરબી સીટી-એ ડિવિઝન પોલીસ માથક પીઆઈ આર.એસ. પટેલની સૂચના અંતર્ગત આરોપીના પાસા પ્રપોઝલ તૈયાર કરવામાં આવી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા તેઓ દ્વારા પાસા દરખાસ્ત મંજૂર કરવામાં આવી આરોપીનું પાસા વોરંટ ઈસ્યુ કરાયું જે વોરંટની બજવણી અનુસંધાને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત આરોપીની અટકાયત કરી જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી દેવામાં આવ્યો છે.

# જી.જી.હોસ્પિટલમાં મોડીરાત્રે છરી સાથે શખ્સની ધમાલ, ટેબલ ઉંધા વાળી દીધા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની જી.જી.હોસ્પિટલની ૪૦૦ બેડની નવી ઈમારતમાં મોડીરાત્રીના એક શખ્સે છરી સાથે ધમાલ મચાવી ટેબલ ઉંધા વાળી દેતા ફરજ પરના સિકયુરીટી સ્ટાફમાં નાસભાગ મચી ગઈ હતી. બનાવના પગલે પોલીસ દોડી ગઈ હતી. કયાં કારણોસર આ બનાવ બન્યો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. જી.જી.હોસ્પિટલની નવી ૪૦૦ પથારીની હોસ્પિટલમાં શુકવારે મોડી રાત્રીના પ્રવેશદ્વાર પર એક શખ્સ અચાનક ઉશ્કેરાય ગયો હતો. આથી આ શખ્સે છરી સાથે ગ્રાઉન્ડ ફલોરમાં ધમાલ મચાવી સિકયુરીટીના ટેબલ ઉંધા વાળી દીધા હતાં. આ બનાવના પગલે ફરજ પરના સુરક્ષાકર્મીઓમાં ભારે દોડધામ સાથે નાસભાગ મચી ગઈ હતી.



બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અતરંગ સૂત્રોના જણાવ્યાનુસાર ધમાલ મચાવનાર શખ્સ હોસ્પિટલમાં ઉપર સુતો હતો ત્યારે ફરજ પરના સુરક્ષા કર્મીઓએ તેની તપાસ કરી અશોભનીય વર્તણૂંક કર્યાનો આ શખ્સે આક્ષેપ કરી ધમાલ મચાવી હતી. જો કે, સમગ્ર ઘટના અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

જી.જી.હોસ્પિટલની ૪૦૦ બેડની નવી ઈમારતના પ્રવેશ દ્વારે જે શખ્સે ધમાલ મચાવી તે શખ્સને સુરક્ષા કર્મીઓએ ચેક કરતા તમાકુ મળી આવતા તેનો દંડ ભરવાનું કહેતા આ શખ્સ ઉશ્કેરાયો હતો અને તેની પાસે રહેલું તીક્ષ્ણ હથિયાર કાઢી ધમાલ મચાવી હતી.

# બેટી રામપર ગામની સીમના કુવામાંથી ચાર વર્ષના બાળકનો મૃતદેહ મળ્યોઃ અરેરાટી

- એરપોર્ટ પોલીસને જાણ થતાં ફાયર બ્રિગેડની મદદથી લાશ બહાર કાઢી ફોરેન્સિક પીએમ માટે ખસેડી, ડીએનએ લેવાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

બેટી રામપર ગામની સીમમાં કુવામાંથી ચાર વર્ષના બાળકનો મૃતદેહ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે એરપોર્ટ પોલીસને જાણ થતાં ફાયર બ્રિગેડની મદદથી લાશ બહાર કાઢી ફોરેન્સિક પીએમ માટે ખસેડી, ડીએનએ સેમ્પલ લેવાયા હતાં. હાલ પોલીસે વાલી વારસની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ રામપર-બેટી ગામમાં હાઈવે નજીક સીમમાં ખેડૂત જયેશભાઈ બાંભણીયાની વાડીમાં મૃત બાળકની લાશ તરતી હોવાનું સામે આવતાં તુરંત ખેડૂતે પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે જાણ થતાં એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ એસ.એસ.જાડેજા અને સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફાયરબ્રિગેડની મદદથી બાળકને બહાર કાઢી ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ના ઈએમટી બળદેવભાઈએ બાળકને તપાસી મૃત જાહેર કર્યો હતો.

જે બાદ પોલીસે બાળકના મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડી ડીએનએ સેમ્પલ લઈ તપાસ માટે ગાંધીનગર મોકલવામાં આવ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં બાળકને અજાણ્યાં લોકો મૃત હાલતમાં અથવા જીવિત ફેંકી ગયું હોવાનું સામે આવ્યું છે. પોલીસે હાલ સ્થાનિક લોકોની પૂછતાછ હાથ ધરી વાળી વારસની શોધખોળ આદરી છે.

# પાયલ હોસ્પિટલ અને કુંભસ્નાન કરતી મહિલાના વીડિયો વેંચતા વધુ ત્રણ ઝડપાયા

## એકની સુરતથી અને બેની મહારાષ્ટ્રથી ધરપકડ : પાયલ હોસ્પિટલના વીડિયો બાંગ્લાદેશના ID પરથી મળ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની પાયલ હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ વાઈરલ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમાં એક આરોપી સુરતનો હોવાનું સામે આવ્યું છે, જ્યારે બે આરોપી મહારાષ્ટ્રના છે. સુરતના પરીત ઘનશ્યામભાઈ ધામેલિયાએ પાયલ હોસ્પિટલના સીસીટીવી કેમેરા હેક કર્યા હતાં. જ્યારે મહારાષ્ટ્રના રાયન રોબીન પરેરાએ હોસ્પિટલના સીસીટીવી કેમેરા હેક કરવાની સાથે ટેલિગ્રામ આઈડી પર વીડિયોનું વેચાણ કર્યું હતું. મહારાષ્ટ્રનો વૈભવ બંડુ માને જે પ્રજવલ તૈલીનો પાર્ટનર છે અને ટેલિગ્રામ ચેનલનુ માર્કેટિંગ કર્યું હતું.

આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમના ડીસીપી લવિના સિન્હાએ જણાવ્યું કે, બે ટીમ દ્વારા હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાઈરલ કરી કમાણી કરવા મામલે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ આ મામલે ત્રણ આરોપીને ધરપકડ થઈ ચૂકી છે. પણ હવે સાઈબર ક્રાઈમને મહત્વની સફળતા મળી છે અને ત્રણ આરોપીની ધરપકડ થઈ છે. ત્રણ પૈકી બે આરોપી સીસીટીવી હેક કરવાનું કામ કરતા અને અન્ય એક આરોપી તેનું માર્કેટિંગ કરવાનું કામ કરતો હતો.

આ કિસ્સામાં મહત્વની અપડેટ એ પણ સામે આવી છે કે, આરોપીઓ હોસ્પિટલની સાથે-સાથે બેડરૂમ, શાળા-કોલેજ, ખાનગી ઓફિસના સીસીટીવી ફૂટેજ પણ હેક કરતા હતા. અત્યાર સુધી એટલે કે, નવ મહિના દરમિયાન તેમણે ૫૦ હજાર જેટલા સીસીટીવી હેક કરી ચૂક્યા છે, જે અંગે તપાસ ચાલુ છે. તપાસ દરમિયાન ચોકાવનારી વિગત સામે આવી છે કે, આરોપીઓ મહત્તમ હોસ્પિટલ અને બેડરૂમના સીસીટીવી ફૂટેજ હેક કરતા હતાં. કારણ કે, સોશિયલ મીડિયામાં વિકૃત માનસિકતા ધરાવતા લોકોમાં તેની ડિમાન્ડ વધુ હતી અને પૈસા પણ મળતા હતા.

ઈઈઝટ ફૂટેજ હેક કર્યા બાદ જે ફૂટેજમાં કન્ટેન્ટ હોય તેને જ વેચાણ કરવા માટે વાઈરલ કરતા હતા. અત્યાર સુધી સીસીટીવી હેક કરીને વાઈરલ કરવાથી સાતથી આઠ લાખની કમાણી કરી ચૂક્યા છે. આરોપીઓ યુટ્યુબ અને બાદમાં




ટેલિગ્રામ ગ્રુપમાં એડ થઈ ઈઈઝટ ફૂટેજને હેક કરવાની સિસ્ટમ શીખ્યા હતા. તપાસ દરમિયાન એક ઈન્સ્ટાગ્રામ આઈડી પર હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ વાઈરલ થયા હોવાની હકીકત સામે આવી છે. સૌથી મોટી વાત એ છે કે, આ ઈન્સ્ટાગ્રામ આઈડી બાંગ્લાદેશમાંથી ઓપરેટ થઈ રહી હતી. પાયલ મેટરનિટી હોસ્પિટલનો વીડિયો બાંગ્લાદેશના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી મળી આવ્યો હતો. ૨થી ૩ હજારમાં વીડિયો વેચતા હતાં. સુરતનો આરોપી ઘરેથી જ સીસીટીવી હેક કરતો હતો.

# ઈન્સ્ટાગ્રામ કવીન તોફાની રાધાના રહસ્યમય મોત મામલે પિતા અને મિત્રોની પોલીસે કરી પુછપરછ

## આ કેસમાં કોઈના વિરૂધ્ધ પુરાવા મળશે તો ગુનો નોંધાશેઃ યુનિ.પીઆઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રહેતી ઈન્સ્ટાગ્રામ ઈનફલુએંસર તોફાની રાધા નામની યુવતીએ મોડી રાત્રે પિતાને ફોન કરી હું જાઉ છુ કહી ફાંસો ખાઈ આપઘાત જીવન ટુંકાવી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. બનાવના પગલે યુનિ.પોલીસે મૃતક યુવતિના પિતાનું નિવેદન નોંધ્યુ છે તેમજ તેના નજીકના મિત્રોની પુછતાછ હાથ ધરી છે.જો આ કેસમાં કોઈ વિરૂધ્ધ પુરાવા મળશે તો તેની સામે ગુનો નોંધવામાં આવશે પરાયા રોડ પર રહેતી રાધીકાબેન હર્ષદભાઈ ધામેચા ઉ.૨૬ નામની યુવતીએ ગઈ રાત્રે ઘરે પંખાના હુકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં યુની.પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બનાવનું કારણ જાણવા તપાસ આદરી હતી મૃતક રાધીકા ઈન્સ્ટાગ્રામમાં તોફાની રાધા નામથી ફેમસ થઈ હતી તેણીના પિતાએ જણાવ્યું હતુ કે, તેઓને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે, તેમાં રાધા મોટી હતી. તેણીના લગ્ન ૧૦ વર્ષ પહેલાં થયા હતા અને તેને સંતાનમાં એક પુત્ર પણ છે પતિ સાથે છૂટાછેડા થઈ જતાં પુત્ર પણ પતિ સાથે રહે છે અને રાધા એકલી રહેતી હતી ૧૦ દિવસ પૂર્વે મિત્રો સાથે ગોવા ફરવા ગઈ હતી ત્યાંથી આવીને ગુમસુમ રહેતી હતી. પોલીસે રાધિકાના પિતાનું નિવેદન નોંધ્યું હતું તેમજ તેના



નજીકના મિત્રોની પુછતાછ હાથ ધરી છે.

જો આ કેસમાં કોઈ વિરૂધ્ધ પુરાવા મળશે તો તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતે યુનિ.પોલીસ મથકના પીઆઈ એસ.એન.પટેલે જણાવ્યું હતું

# સુત્રાપાડામાં યુટ્યુબર રોયલ રાજાનું અપહરણ કરી ઢોર માર માર્યો

## ૩ કારમાં આવેલા ૧૦થી વધુ હુમલાખોરોએ મુંછ-વાળ કાપી, નગ્ન કરી માર માર્યો

dy¿e kdpQpf, Nuf kp¡d“p’

ગીર સોમનાથ જિલ્લાના ગુંદાળા ગામના યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાને મોડી રાત્રે ઘંટીયા ગામના ફાટક નજીક ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં કિર્તી પટેલની સંડોવણી સામે આવી છે. યુટ્યુબરે દાવો કરતાં કહ્યું કે, પમારૂ અપહરણ કરી માર મારતી વખતે આ અજાણ્યા શખસોએ કિર્તી પટેલને વીડિયો કોલ કર્યો હતો. આ વીડિયો કોલમાં કિર્તીએ કહ્યું કે, રોયલ રાજાની મૂછ અને વાળ સારા નથી લાગતા, કાપી નાંખો.

કિર્તીના આદેશ બાદ હુમલાખોરોએ મારી મૂંછ અને વાળ કાપી નાખ્યા અમે મને ઢોર માર મારવામાં આવ્યો હતો.થ હાલ યુટ્યુબર હોસ્પિટલમાં હેઠળ છે. સારવાર યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાના આરોપ અનુસાર, પત્રણ કારમાં આવેલાં ૧૦ થી વધુ શખસોએ મારું અપહરણ કર્યું હતું, જેમાં બે યુવતીઓ પણ હતી. ત્યારબાદ તેઓ કારને એક ગોળના રાબડામાં લઈ ગયાં. જ્યાં મારા કપડાં ઉતારી નગ્ન કરી ઊંધો સુવડાવી ઢોર માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન હુમલાખોરોએ કિર્તી પટેલને વીડિયો કોલ કર્યો હતો. જેમાં કિર્તી પટેલ એવું કહેતી હતી કે, રોયલ રાજાની મૂંછ અને વાળા સારા નથી લાગતાં, તેને કાપી નાંખો. બાદમાં હુમલાખોરોએ મારા વાળ અને મૂંછો કાપી ઢોર માર માર્યો. આ સિવાય મારી પાસે માફી મંગાવતો વીડિયો પણ બનાવડાવ્યો અને તેને સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની પણ વાત કહી હતી. આ સિવાય મારી પાસેથી ૨૮ હજાર રૂપિયા પણ લૂંટી



લેવામાં આવ્યા હતાં.

સમગ્ર મામલે યુટ્યુબરે સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ નિવેદનમાં તેણે જણાવ્યું કે, પઆ પહેલાં મેં યુટ્યુબર નીતિન જાની ઉર્ફે ખજૂરભાઈના સમર્થનમાં એક પોસ્ટ કરી હતી. ત્યારબાદ મિત કાના, અર્જુનસિંહ, કાનો અને સિદ્ધરાજ સાથે મારે માથાકૂટ થઈ હતી. ત્યારે પણ મેં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ હું ઘંટિયા ફાટક પર રીલ બનાવતો તે સમયે ત્રણ કારમાં આવેલાં લોકો મને ઉપાડી ગયા અને ઢોર માર માર્યો. આ સિવાય મારી સોનાની ચેઈન અને ૨૮ હજાર રોકડા પર લૂંટી ગયાં. આ સિવાય મને ધમકી આપી કે, જો પોલીસ ફરિયાદ કરી તો જાનથી મારી નાંખીશું.

# જેતપુર પંથકમાં બે યુવાનો અને આધેડના હૃદયરોગના હુમલાથી મોત

- યુવાનોના મોત નિપજતા પરિવારમાં શોક છવાયો





**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુર સરકારી હોસ્પીટલ ખાતે આજે હૃદયરોગના હુમલાથી મોત નિપજવાના ત્રણ મૃતદેહો પીએમ માટે આવ્યા હતાં. જેમાં બે તો યુવા વયના યુવકોના હૃદયરોગના હુમલાથી મોત થતા તેમના પરીવારમાં શોક છવાઈ ગયો હતો.

શહેરના જૂનાગઢ રોડ પર સુંદરમ સોસાયટીમાં રહેતા અર્જુન ગોરધનભાઈ વિરડીયા ઉવ ૩૯ નામનો યુવાન આજે પોતાના ઘરે હતો ત્યારે તેને હૃદયરોગનો હુમલો આવતા તેને સારવાર માટે ખાનગી હોસ્પીટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ તેમનું મોત નીપજ્યું હતું. જયારે બીજા બનાવમાં તાલુકાના નવી સાંકળી ગામે રહેતો દર્શન જગદીશભાઈ વોરા ઉ.વ.૨૦ નામનો યુવાન બીસીએમાં અભ્યાસ કરે છે. તે આજે રવિવારની રજા હોય પોતાના ઘરે હતો ત્યારે તેને સવારે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. જેથી તેને સારવાર માટે તરત જ જેતપુર સરકારી હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યો અહીં ફરજ પરના તબીબે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. જયારે ત્રીજા બનાવમાં મોટા દેવળીયા ગામના શારદાબેન અરજણભાઈ પાડલીયા ઉવ. ૬૫ નામના વૃદ્ધાનું હૃદયરોગના હુમલાથી મોત થતા તેને પીએમ માટે સરકારી હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યા હતાં.

# ટ્રાફિક પોલીસમેનની ફરજમાં રૂકાવટ કરનાર દંપતિની ધરપકડ

- અમારું વાહન જ કેમ ડિટેઈન કર્યું? પોલીસ સાથે યુગલની બઘડાટી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગરોડ ઉપર બન્યો હતો જ્યાં ટ્રાફિક પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે એક યુવતી લાયસન્સ વગર પસાર થતાં તેનું વાહન ડિટેઈન કરાતાં જ પતિને બોલાવ્યા બાદ બન્નેએ ટ્રાફિક પોલીસ સાથે બઘડાટી બોલાવતાં બન્નેની ધરપકડ કરવામાં આવી હતી. આ અંગે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતાં લોકરક્ષક રમીઝ મલુકભાઈ મોગલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે પીએસઆઈ સી.એસ. .એસ. વાછાણી સાથે તેના સહિતનો સ્ટાફ રૈયા ટેલિફોન એક્સચેન્જથી રૈયા ચોકડી તરફ જતાં ૧૫૦ ફૂટ રિંગરોડ પાસે રાધે હોટેલની સામે વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે બ્લેક કલરનું હોન્ડા એક્ટિવા નં. જીજે૩એનએ-૭૮૫૭ લઈને એક મહિલા પસાર થતાં તેને અટકાવી લાયસન્સ તેમજ વાહનના જરૂરી ડોક્યુમેન્ટ માંગ્યા હતા પરંતુ તેની પાસે કંઈ પણ ને હોવાથી વાહન ડિટેઈન કરવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી.

તેના પતિ હિરેનને ફોન કરી બોલાવ્યા બાદ બન્નેએ પઅમારું વાહન જ કેમ ડિટેઈન કર્યુ, બીજા બધાને કેમ જવા દો છો, હું જોઈ લઈશથ કહીને વીડિયો ઉતારવા લાગ્યા હતા અને આ વીડિયો વાયરલ કરીને હેરાન કરી મુકીશ તેવી ધમકી આપતાં જ પોલીસે ફરજ રૂકાવટનો ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી હતી.

# ભવાનીનગરમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

શહેરના ભવાનીનગરમાં ઘર જમાઈ રહેતા ૩૫ વર્ષીય યુવકે ગઈકાલે બપોરે ગળાફાંસો ખાઈ જીવંત ટૂંકાવી લેતા ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો હતો. મળતી વિગતો મુજબ, રામનાથ પરા ભવાની નગર શેરી નંબર ૪ માં રહેતા પ્રવીણભાઈ છગનભાઈ બાભણીયા ઉંમર વર્ષ ૩૫ નામના યુવક ગઈકાલે બપોરે પોતાના ઘરે હતો ત્યારે રૂમમાં છતના હુકમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. યુવકે ઘણી વાર સુધી રૂમમાંથી બાહર ન આવતા તેના સાળા દીપકભાઈ રૂમમાં જોતા યુવક લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. બનાવ અંગે જાણ થતાં તુરંત ૧૦૮ અને પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તબીબે યુવકને મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે, મૃતક પ્રવીણ લગ્ન બાદ અહીં પોતાના સસરાને ત્યાં ઘર જમાઈ બનીને રહેતો અને છૂટક મજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ત્યારે યુવકના આ પગલાથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. યુવકે ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે એ.ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ એસ.એમ.રાણા સહિતનાએ વધુ તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં વાહનની ઠોકરે ઘવાયેલ બે વર્ષની બાળકીનું સારવારમાં મોત

મેટોડામાં રહેતા શ્રમિક પરિવારની બે વર્ષની પુત્રીને અજાણ્યા કારના ચાલકે ઠોકરે લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડવામાં આવી હતી.જયાં આજે બાળકીએ સારવાર દરમ્યાન દમ તોડી દેતા હોસ્પિ. ચોકીના સ્ટાફે નોંધ કરી મેટોડા પોલીસને જાણ કરી કાર્યવાહી કરી હતી. મૂળ યુપીના હાલ મેટોડા ગેટ નં ૨ પાસે આવેલ શ્રીનાથજી સોસાયટી સામે ઝુંપડામાં રહેતા અને મજુરી કામ કરતા થાનસિંગ વસુનીયાની પુત્રી દિવ્યા ઉ.૦૨ ગઈકાલે વનરાજભાઈની બાંધકામની સાઈડ પર બપોરે ૩ઃ૩૦ વાગ્યાની આસપાસ રમતી હતી. ત્યારે કોઈ અજાણ્યા કારના ચાલકે ઠોકરે લેતા બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. અને બાળકીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.જયાં આજે ટુંકી સારવાર દરમ્યાન બાળકીએ હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી મેટોડા પોલીસને જાણ કરતા એએસઆઈ સુરભી કેશવાલા સહિતનો સ્ટાફ દોડી જઈ બાળકીના પિતાની ફરિયાદ પરથી ચાલક સામે ગુનો નોંધી પોલીસે સીસીટીવી આધારે શોધખોળ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પાંચ ભાઈ-બહેનમાં નાની હતી.

# જૂના માર્કેટીંગયાર્ડ પાસે પિતાનું હથિયાર લઈ સીનસપાટા કરવા નીકળેલા પુત્રની ધરપકડ

એસઓજી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમીના આધારે જુના માર્કેટીંગ યાર્ડ પાસેથી શખસને રીવોલ્વર તથા કાર્ટીસ સાથે દબોચી લીધો હતો. શહેરમાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની સુચના અન્વયે એસઓજી પી.આઈ. એસ.એમ.જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે જુના માર્કેટીંગ યાર્ડના ગેઈટ નં.૧ની સામે આવેલા બગીચાની બહાર એક ઈસમ હથિયાર લઈ ઉભો હોવાની બાતમી આધારે દરોડો પાડી ઉભેલ શખસને નામ ઠામ પુછતા પોતે મોરબી રોડના ઓમ શાંતિ પાર્કમાં રહેતો અવિનાશ ધીરૂભાઈ ખોરાણી હોવાનું જણાવ્યું હતું. બાદ પોલીસે ઝડપી લેતા રીવોલ્વર તથા છ જીવતા કાર્ટીસ મળી આવતા પોલીસે રૂ.૩૦,૬૦૦નો મુદામાલ કબજે કરી શખસની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમીક તપાસમાં ઉપરોકત શખસ પાસેથી મળેલ હથીયાર પરવાના વાળુ છે. તેમજ પિતાનુ હથિયાર લઈ ગામમાં સીનસપાટા કરવા નીકળ્યો હોવાની કબુલાત આપી હતી. પોલીસે પિતા સામે પોતાના પરવાના વાળુ હથિયાર લાયસન્સ વગરના માણસને આપવા બદલ ગુનો નોંધ્યો છે. તેમજ પુત્ર સામે પણ શરતભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# સાધુવાસવાણી રોડ પર આવાસ ક્વાર્ટરમાં યુવકનો આપઘાત

શહેરના સાધુવાસવાણી રોડ પર આવાસ ક્વાટરમાં ૩૪ વર્ષીય યુવકે આર્થિક ભીંસથી કંટાળી એસિડ ગટગટાવી જીવન ટૂંકાવી લેતાં બે માસુમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. મળતી વિગતો મુજબ, સાધુવાસવાણી રોડ દર્શનપાર્ક પાસે આવેલા આવાસ ક્વાટરમાં રહેતા ૩૪ વર્ષીય અંકીત સુરેશભાઈ ભાલોડીયાએ શનિવારે રાત્રીના ક્ષ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે બે માસુમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો કલ્પાંત એસિડ ગટગટાવી લીધું હતું. જે અંગે જાણ થતા પરિવારના સભ્યોએ યુવકને તુરંત ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહીં યુવકની તબિયત લથડતાં વધુ સારવાર માટે સિવિલ દાખલ કરવામાં આવ્યો હોય જ્યાં તેણે દમ તોડી દીધો હતો.બનાવ અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ ડી.બી.કારેથા સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પરિવાર પાસેથી જાણવા મળ્યું હતુંકે, યુવક છેલ્લા કેટલાક દિવસોથી આર્થિક તંગીના કારણે ચિતામાં રહેતો હોય જેથી આ પગલું ભરી લીધું હતું. વધુમાં તેને સંતાનમાં ૬ વર્ષની પુત્રી અને ૪ વર્ષનો પુત્ર છે. યુવકના આ આત્મઘાતી પગલાંથી પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે.

# ત્રંબા ગામ પાસે રિવોલ્વર સાથે ઝડપાયેલા પિતા-પુત્રનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ભાવનગર હાઈવે પર આવેલા ત્રંબા ગામ નજીકથી રિવોલ્વર સાથે ઝડપાયેલા પિતા-પુત્ર સામેનો કેસ ચાલી જતા અદાલતે બંનેને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ, રાજકોટ તાલુકાના હડમતીયા ગોલીડા ગામે રહેતા રવિરાજ ધીરુભાઈ ખાચર અને તેના પિતા ધીરુભાઈ આપાભાઈ ખાચર બંને હથિયાર સાથે ત્રંબબ ગામ નજીક હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે દરોડો પાડી બંનેની તલાશી લેતા તેના કબજા માંથી રિવોલ્વર અને ૮ જીવતા કાર્ટિસ્ટ મળી આવ્યા હતા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસના અંતે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. જે બાદ કેસ ચાલવા પર આવતા આરોપીના વકીલે દલીલ કરી હતી કે, પોલીસે રેડ ખોટી રીતે પ્લાન કરી આરોપીને આ ગુનામાં સંડોવી દીધેલ છે જે જગ્યાએ રેડ કરવામાં આવેલ તેની આજુબાજુના સ્થાનીક લોકોના નીવેદનો



રઘુવીર બસિયા

લીધેલ નથી પંચનામું કઈ જગ્યાએ તૈયાર કરવામાં આવેલ તે સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ નથી.

આર્મસ એકટની કોઈપણ જોગવાઈ નો ભંગ થાય તેનો લાભ આરોપીઓને આપવો પડે વડી અદાલતના ચુકાદા રજૂ કરવામાં આવ્યા હતા.

બંને પક્ષકારોની રજૂઆતના અંતે અદાલતે આરોપી પિતા-પુત્રને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રઘુવીર બસિયા રોકાયેલા હતા.

# ઠેબચડા ગામે જમીન વિવાદમા થયેલી હત્યામાં આરોપીની જામીન અરજી હાઈકોર્ટે કરી મંજૂર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઠેબચડા ગામની સીમમા આવેલ ખેતીની જમીનના વિખવાદમા પોલીસની હાજરીમા થયેલ હત્યા કેસમાં ૨૧ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે આ પ્રકરણમાં સંડોવાયેલા આરોપી છગન બીજલભાઈ રાઠોડે મુકેલી જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી છે.

આ કેસની હકિકત મુજબ, ઠેબચડા ગામની સીમમા આવલી જમીન બાબતે ફરિયાદી હરેન્દ્રસિહ મહિપતસિહ જાડેજા અને આરોપીઓ વચ્ચે જમીન વિવાદમાં હાઈકોર્ટ હમવમ ફરિયાદીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

ગત તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે ફરિયાદી હરેન્દ્રસિહ પોતાની જમીન પર ગયેલા ત્યારે આરોપીઓ ત્યાં હાજર હોય જેથી પોલીસમાં જાણ કરી હતી. સ્થિતિ વધુ તંગ બનતા પોલીસે વધુ ફોર્સ બોલાવી લીધી હતી તેવામાં ઘસી તલવાર, ધારિયા, જેવા હથિયારો સાથે ધસી આવી પોલીસની હાજરીમાં હુમલો કરતા ફરિયાદીના કુટુંબીક ભાઈ લખધીરસિંહ જાડેજાને ગંભીર ઈજાઓ પહોંચતા તત્કાલીક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે આજીડેમ પોલીસે ૨૧થી વધુ આરોપીઓ સામે ગુન્હો નોંધ્યો હતો. આ કેસમાં સંડોવાયેલા આરોપી છગન બીજલ રાઠોડની પણ ધરપકડ કરી હતી. પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં આરોપીએ પોતાના વકીલ મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે અરજી ચાલવા પર આવતા આરોપીના વકીલે કોર્ટમાં



સાહિસ્તાબેન ખોખર

કરેલી ધારદાર દલીલો અને રજૂઆતોને ધ્યાનમાં લઈને અદાલતે આરોપી છગન બીજલ રાઠોડની જામીન અરજી મંજૂર કરી હતી. આ કેસમાં આરોપી વતી એડવોકેટ સાહિસ્તાબેન. એસ. ખોખર, રણજીત. એમ. પટગીર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ તેમજ ગુજરાત હાઈકોર્ટમાં મોહમદઝઈદ આઈ. સૈયદ રોકાયેલ હતા.